Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 17
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
## તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 00
Roll No. : ____________

---

**SECTION - A**

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 29)

1. ગામડાંમાં લોકો નીચે પૈકી કયું કામ વધારે કરતાં જોવા મળે છે?
   A. સરકારી નોકરી B. ખેતી C. ઉદ્યોગ D. આપેલ બધું જ સાચું
2. શહેરમાં રોજગારી મેળવવા માટે લોકો ક્યાંથી આવે છે?
   A. પાસેના ગામમાંથી B. અન્ય રાજ્યમાંથી C. અન્ય શહેરમાંથી D. આપેલ બધું જ સાચું
3. ગામડાંમાં મોટા ભાગના લોકો કયા કામ સાથે જોડાયેલ હોય છે?
   A. માછીમારી B. ખેતીકામ C. સુથારીકામ D. પશુપાલન
4. આપણા દેશમાં કેટલાં શહેરો છે ?
   A. 5000 કરતાં વધારે B. 10,000 કરતાં વધારે C. 12,000 કરતાં વધારે D. 15,000 કરતાં વધારે
5. આપણા દેશમાં કેટલાં નાનાં-મોટાં નગર છે ?
   A. 31,000 જેટલાં B. 12,000 જેટલાં C. 20,000 જેટલાં D. 27,000 જેટલાં
6. દરેક વ્યક્તિને જીવનનિર્વાહ માટે શેની જરૂર પડે છે?
   A. પ્રવૃત્તિની B. રહેઠાણની C. પોશાકની D. આવકની
7. ડીસા શહેર કયા જિલ્લામાં આવેલું છે?
   A. સાબરકાંઠા B. મહેસાણા C. પાટણ D. બનાસકાંઠા
8. રાણપુર ગામના ખેડૂતો કયા પાકોની ખેતી કરે છે ?
   A. બટાટા અને ઘઉંની B. બાજરી અને કઠોળની C. બટાટા અને બાજરીની D. ડાંગર અને મકાઈની
9. મધુબા કયા ખેડૂતના ખેતરમાં મજૂરી કરે છે ?
   A. મોંઘજીભાઈના B. મેઘજીભાઈના C. કરશનભાઈના D. લવજીભાઈના
10. લવજીભાઈને પૈસા પાછા આપવા માટે મધુબાએ શું કર્યું?
    A. બે ગાયો વેચી દીધી B. ઝાંઝર વેચી દીધાં C. ઘર વેચી દીધું D. ભેંસ વેચી દીધી
11. સલમાન પાસે કેટલા એકર જમીન છે?
    A. દસ એકર B. પચાસ એકર C. બે એકર D. વીસ એકર
12. સલમાન ખેતી ઉપરાંત કયો વ્યવસાય કરે છે?
    A. શાકભાજી વેચવાનો B. રિક્ષા ચલાવવાનો C. મચ્છીમારીનો D. પશુપાલનનો
13. રામનગરમાં મોટા ભાગના ખેડૂતો ક્યા પાકની ખેતી કરે છે ?
    A. મકાઈની B. બાજરીની C. ડાંગરની D. બટાટાની
14. જગાભાઈ શાના બદલે લોકોને તેમને જોઈતી વસ્તુ આપે છે ?
    A. પૈસાના B. ચોખાના C. દૂધના D. માછલીઓના
15. સંચારડા ગામ ક્યાં આવેલું છે?
    A. દરિયાકિનારે B. નદીકિનારે C. પર્વતની તળેટી પાસે D. મોટા શહેરની નજીક
16. રૂડીબહેન અને લખીમાં શાનું કામ કરે છે?
    A. શાકભાજી વેચવાનું B. દૂધ વેચવાનું C. માછલાં પકડવાનું D. ખેતરમાં મજૂરીનું
17. રૂડીબહેન અને લખીમા વર્ષમાં કેટલા મહિના માછલાં પકડીને જીવનનિર્વાહ કરે છે ?
    A. ચાર B. છ C. બાર D. આઠ
18. રોડ ઉપરની દુકાન કે રોડની આસપાસ કામ કરનારાઓને કારણે ક્યારેક કોઈ સમસ્યા વધી જાય છે ?
    A. બેરોજગારીની B. ટ્રાફિકની C. ચીજવસ્તુઓની અછતની D. ચોરીની

BHAVDIP VADHER (E-LEARNING)

19. વાવ તાલુકો ક્યા જિલ્લામાં આવેલો છે ?
A. બનાસકાંઠામાં B. સાબરકાંઠામાં C. મહેસાણામાં D. અમદાવાદમાં

20. ગામમાં સુથારીકામ કરતા કરશનભાઈ શહેરમાં આવ્યા પછી કયું કામ કરે છે ?
A. ધોબીકામ B. દૂધ વેચવાનું C. રિક્ષા ચલાવવાનું D. શાકભાજી વેચવાનું

21. નિલમના મામા ફેક્ટરીમાં કયું કામ કરતા હતા ?
A. મૅનેજરનું
B. શર્ટને બટન લગાવવાનું
C. સિલાઈ કરવાનું
D. કપડાંનું પૅકિંગ કરવાનું

22. રાજસ્થાનથી નવસારી આવેલા જયસિંહ કયુ કામ કરે છે?
A. અગરબત્તી બનાવવાનું
B. ચૉકલેટ બનાવવાનું
C. બિસ્કિટ બનાવવાનું
D. આઇસક્રીમ બનાવવાનું

23. રાણપુર ગામમાં શાની વાડીઓ છે?
A. નારિયેળની B. દાડમની C. ચીકુની D. જામફળની

24. મધુબા મોંઘજીભાઈના ખેતરમાં કયું કામ કરતાં નથી ?
A. વાવણી B. નિંદામણ C. કાપણી D. રોપણી

25. સંચારડા ગામના માછીમારો ચોમાસાના ચાર મહિનાઓ દરમિયાન શા માટે દરિયામાં જતો નથી?
A. એ સમય દરમિયાન દરિયામાં મોટી ભરતીઓ આવે છે.
B. એ સમય દરમિયાન દરિયામાં માછલીઓ હોતી નથી.
C. એ સમય દરમિયાન દરિયો ખેડવો જોખમકારક હોય છે.
D. એ સમય દરમિયાન દરિયો શાંત હોય છે.

26. સંચારડા ગામના માછીમારોને કયા કારણે આર્થિક નુકસાન થયું હતું?
A. અતિવૃષ્ટિના કારણે
B. ત્સુનામીના કારણે
C. હોડીઓ ડૂબી જવાના કારણે
D. ભૂકંપના કારણે

27. કરશનભાઈ પોતાના ગામમાં ક્યું કામ કરતા હતા?
A. સુથારીકામ B. કડિયાકામ C. દરજીકામ D. ખેતીકામ

28. શહેરના રસ્તાની બંને બાજુએ ફૂટપાથ પર કામધંધો કરતા લોકોના કામનું આયોજન કોણ કરે છે?
A. મ્યુનિસિપલ કૉર્પોરેશન
B. સામાજિક સંસ્થાઓ
C. લોકો જાતે
D. સરકાર

29. શહેરમાં જે જગ્યાએ મજૂરો કામ કરવા એકઠા થાય છે તે જગ્યા કયા નામે ઓળખાય છે?
A. કડિયાનાકા B. મજૂરનાકા C. મજૂર ચોક D. ચાર રસ્તા

➽ **ખાલી જગ્યા પૂરો** **(Marks - 28)**

30. ગામડાંમાં મોટે ભાગે સૌ ...... કામ સાથે જોડાયેલ હોય છે.
31. ઔદ્યોગિક રોજગારી ...... માં વધુ મળી રહે છે.
32. ગામડાંના લોકો વિવિધ રીતે ....... સાથે જોડાયેલ હોય છે.
33. પર્યાવરણ સાથે જીવનનિર્વાહની વ્યવસ્થા એટલે ....... નું જીવન.
34. શહેરમાં રહેતા લોકો વિવિધ ....... સાથે જોડાયેલા હોય છે.
35. દરેક વ્યક્તિને ....... કરવા માટે આવકની જરૂર પડે છે.

BHAVDIP VADHER (E-LEARNING)

36. રાણપુર ગામના મોટા ભાગના લોકો ....... સાથે જોડાયેલા છે.
37. રાણપુર ગામના કેટલાક ખેડૂતો બારેમાસ ....... ની ખેતી કરે છે.
38. મધુબાની બંને દીકરીઓ ગામની જ ....... શાળામાં અભ્યાસ કરે છે.
39. મોંઘજીભાઈ ખેડૂત પાસે પોતાની ....... એકર જમીન છે.
40. મધુબા ....... ના ખેતરમાં મજૂરી કરે છે.
41. એક વખત મધુબાને દિવસો સુધી કામ ન મળતાં તેમણે ....... પાસેથી પૈસા ઉછીના લીધા.
42. મધુબાના પતિ મધુબાને ....... માં મદદ કરે છે.
43. સલમાન ખેડૂત પાસે પોતાની ....... એકર જમીન છે.
44. સલમાન ખેતીની સાથે ....... નો વ્યવસાય પણ કરે છે.
45. સલમાન કેટલીક વખત પાસેના શહેરની ....... વસાહતમાં છૂટક કામ કરવા જાય છે.
46. જગાભાઈ ....... ગામમાં નાની દુકાન ધરાવે છે.
47. ગામલોકો પાસેથી ખરીદેલા ચોખા જગાભાઈ ....... ની મોટી દુકાનમાં વેચે છે.
48. માછીમાર ....... ઉત્પાદક કહેવાય છે.
49. માછલી એ ....... જીવ છે.
50. રૂડીબહેન અને લખીમાં બંને દરિયાકિનારે ....... પકડવાનું કામ કરે છે.
51. રૂડીબહેન અને લખીમા વર્ષમાં ....... મહિના સુધી માછલાં પકડીને જીવનનિર્વાહ કરે છે.
52. ....... ના દિવસોમાં દરિયો ખેડવો જોખમકારક છે.
53. દરિયામાં ....... વધવાથી માછીમારોને માછલાં પકડવા દરિયામાં ખૂબ દૂર સુધી જવું પડે છે.
54. શહેરમાં ....... મેળવવી ઘણું જ કપરું કામ છે.
55. શહેરમાં રિક્ષા ચલાવવાનું કામ કરતા કરશનભાઈ પોતાના ગામમાં ....... કરતા હતા.
56. રાજસ્થાનથી નવસારી આવેલા જયસિંહ નવસારીમાં ....... બનાવવાનું કામ કરે છે.
57. રોજગારી મેળવવા માટે ....... ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 24)**

58. ગામડાંના લોકો જીવનમાં વધુમાં વધુ સુવિધાઓનો ઉપયોગ કરે છે.
59. શહેરના લોકો આસપાસના ગામડાંમાં રોજગારી મેળવવા જાય છે.
60. દરેક વ્યક્તિને જીવનનિર્વાહ માટે આવકની જરૂર પડે છે.
61. શહેરના લોકો એક કરતાં વધુ વ્યવસાય સાથે જોડાયેલા હોય છે.
62. રાણપુર ગામની દુકાનમાં જરૂર પડે ત્યારે તાવ-શરદીની દવા પણ મળે છે.
63. રાણપુર ગામના કેટલાક ખેડૂતો બારેમાસ શાકભાજીની ખેતી કરે છે.
64. મધુબાએ લવજીભાઈને પૈસા પાછા આપવા માટે પોતાની ગાય વેચી દીધી.
65. માલપુર ગામના ઓછી જમીન ધરાવતા ખેડૂતો સિંચાઈના આધારે જ ખેતી કરે છે.
66. સલમાન ખેડૂત પોતાની જમીનમાં જાતે ખેતી કરે છે.
67. સલમાન પાસે બે ગાય અને એક ભેંસ છે.
68. જગાભાઈ ગંગાનગર ગામના વેપારી છે.
69. જગાભાઈ ઘઉંનો વેપાર કરે છે.
70. સંચારડા ગામ દરિયાકિનારે આવેલું છે.
71. રૂડીબહેન અને લખીમાં માછલી પકડવાનું કામ કરે છે.
72. ચોમાસાના દિવસોમાં દરિયો ખેડવો જોખમકારક છે.
73. પ્રદૂષણને લીધે દરિયામાં માછલીઓની સંખ્યા વધે છે.

BHAVDIP VADHER (E-LEARNING)

74. ત્સુનામીમાં થયેલા નુકસાનને કારણે સરકારે રૂડીબહેન અને લખીમાને નવી હોડી લાવવા માટે આર્થિક મદદ કરી હતી .
75. શહેરમાં રોજગારી મેળવવી ખૂબ જ આસાન છે.
76. શહેરમાં એક જ પ્રકારના વ્યવસાય જોવા મળે છે.
77. ટ્રાફિક સમસ્યાથી નાના-મોટા અકસ્માતો થતા હોય છે.
78. માવસરી ગામના કરશનભાઈ શહેરમાં ફેક્ટરીમાં કામ કરે છે.
79. નિલમના મામા શહેરમાં રિક્ષા ચલાવવાનું કામ કરે છે.
80. રાજસ્થાનથી નવસારી આવેલો જયસિંહ ચૉકલેટ બનાવવાનું કામ કરે છે.
81. રોજગારી મેળવવા માટે કૌશલ્ય ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

**➽ જોડકા જોડો** **(Marks - 8)**

82. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ખેતમજૂરી | (1) કાયમી કામ મળી રહે છે. |
| 2. | કૌશલ્ય આધારે કામ | (2) એક કરતાં વધુ રીતે કમાઈ શકાય છે. |
| 3. | ઔદ્યોગિક રોજગારી | (3) બારેમાસ કામ ન પણ મળે. |

83. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | રાણપુર ગામ | (1) અહીં સલમાન ખેતી અને પશુપાલન કરે છે. |
| 2. | માલપુર ગામ | (2) ડાંગરની ખેતી કરતું ગામ છે. |
| 3. | પાંડરવાડા ગામ | ( 3 ) અહીં સૌ મચ્છીમારીનો વ્યવસાય કરે છે. |
| 4. | રામનગર ગામ | ( 4) બટાટા અને બાજરીની ખેતી કરતું ગામ |

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 1)**

84. ખેતી કે ખેતમજૂરી કરતા લોકો ક્યાં જોવા મળે છે?
85. રોડ ઉપર કયા કયા રોજગાર કરતી વ્યક્તિઓ જોવા મળે છે?
86. કેવી વ્યક્તિને રોજગારી મેળવવામાં સરળતા રહે છે?
87. ગ્રામીણ જીવનની સૌથી મહત્ત્વની બાબત કઈ છે?
88. ગામડાંનું જીવન' એટલે શું?
89. આપણા દેશમાં કેટલાં શહેરો અને નાનાં-મોટાં નગરો છે ?
90. આપણા દેશના બંધારણે નાગરિકોને રહેઠાણ અંગેનો કયો અધિકાર આપ્યો છે?
91. પરિવાર જીવનનિર્વાહ કેવી રીતે કરે છે ?
92. રાણપુર ગામ ક્યાં આવેલું છે ?
93. રાણપુર ગામના મોટા ભાગના લોકો કયા વ્યવસાય કરે છે?
94. માલપુર ગામનાં મધુબા શું કામ કરે છે ?
95. મધુબાને એક વખત કેટલાય દિવસો સુધી કામ ન મળ્યું ત્યારે તેમણે શું કર્યું?
96. મધુબાએ ઉછીના લીધેલા પૈસા લવજીભાઈને પાછા આપવા માટે શું કર્યું?
97. માલપુર ગામના ઓછી જમીન ધરાવતા ખેડૂતો શું કરે છે ?
98. પાંડરવાડા ગામનો સલમાન કેવી રીતે ખેતી કરે છે?
99. સલમાન કેવી રીતે જીવનનિર્વાહ કરે છે ?
100. રામનગર ગામના જગાભાઈ શો વ્યવસાય કરે છે?
101. રૂડીબહેન અને લખીમા કેવી રીતે જીવનનિર્વાહ કરે છે ?

BHAVDIP VADHER (E-LEARNING)

102. શહેરમાં લોકો કેવી રીતે જીવનનિર્વાહ કરે છે? .
103. થરાદમાં રહેતા કરશનભાઈ કેવી રીતે જીવનનિર્વાહ કરે છે?
104. નિલમના મામા કેવી રીતે જીવનનિર્વાહ કરે છે?
105. જયસિંહ કયા રાજ્યમાંથી નવસારી આવ્યા છે ? નવસારીમાં તે શો વ્યવસાય કરે છે?
106. જયસિંહના ચૉકલેટના વ્યવસાયને કારણે કેટલા લોકોને રોજગારી મળે છે?
107. મધુબાને ઘરમાં એમના પતિ કેવી રીતે મદદ કરતા હશે ?
108. સલમાનને ક્યારે મજૂરી કરવી પડતી હશે ?
109. સલમાનની આવક કયા સમયે સૌથી વધારે હશે?
110. સલમાન પાસે ગાય કે ભેંસ ન હોય તો તેને શી મુશ્કેલી પડે?
111. ઔદ્યોગિક વસાહતમાં સલમાનને કેવું કામ કરવું પડતું હશે?
112. આપણી આસપાસ લોકો કેવી રીતે કમાય છે?
113. માછીમારને રોજ કેટલા કલાક કામ કરવું પડતું હશે?
114. દરિયાને ચોખ્ખો રાખવા માટે તમે શું કરી શકો તેમ છો?
115. માછલીની જેમ અન્ય શું વેચીને નાણાં કમાઈ શકાય?
116. કેવી કુદરતી આફત વખતે માછલી પકડવા જઈ શકાતું નથી હોતું? શા માટે?
117. કરશનભાઈ શહેરમાં કેમ આવ્યા હશે?

➽ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 20)**

118. જો મધુબા અને તેમના પતિ પાસે પોતાની જમીન હોત તો તેમના જીવનનિર્વાહની રીતો અત્યાર કરતાં કેવી રીતે જુદી હોત?
119. (1) મધુબા એમના ઘરમાં કયાં કામ રોજ કરતાં હશે?
120. ટૂંક નોંધ લખો : શહેરી જીવનનિર્વાહ
121. માલપુર અને પાંડરવાડા ગામમાં ખેતી પર નભતા લોકોની એક યાદી બનાવો. તેઓમાં સહુથી ગરીબ કોણ છે અને શા માટે?

# Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 17

# ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 00

SECTION - A

**» યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 29)

1. ખેતી
2. આપેલ બધું જ સાચું
3. ખેતીકામ
4. 5000 કરતાં વધારે
5. 27,000 જેટલાં
6. આવકની
7. બનાસકાંઠા
8. બટાટા અને બાજરીની
9. મોંઘજીભાઈના
10. ઝાંઝર વેચી દીધાં
11. દસ એકર
12. પશુપાલનનો
13. ડાંગરની
14. ચોખાના
15. દરિયાકિનારે
16. માછલાં પકડવાનું
17. આઠ
18. ટ્રાફિકની
19. બનાસકાંઠામાં
20. રિક્ષા ચલાવવાનું
21. મૅનેજરનું
22. ચૉકલેટ બનાવવાનું
23. દાડમની
24. રોપણી
25. એ સમય દરમિયાન દરિયો ખેડવો જોખમકારક હોય છે.
26. ત્સુનામીના કારણે
27. દરજીકામ
28. લોકો જાતે
29. કડિયાનાકા

**» ખાલી જગ્યા પૂરો** (Marks - 28)

30. ખેતી
31. શહેર
32. આર્થિક વ્યવસ્થા

BHAVDIP VADHER (E-LEARNING)

33. ગામડા
34. વ્યવસાયો
35. જીવનનિર્વાહ
36. ખેતીકામ
37. શાકભાજી
38. સરકારી
39. 20
40. મોંઘજીભાઈ
41. લવજીભાઈ
42. ઘરકામ
43. 10
44. પશુપાલન
45. ઔદ્યોગિક
46. રામનગર
47. શહેર
48. ખાદ્ય
49. દરિયાઈ
50. માછલાં
51. આઠ
52. ચોમાસા
53. પ્રદૂષણ
54. રોજગારી
55. સુથારીકામ
56. ચોકલેટ
57. કૌશલ્ય

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 24)**

58. ખોટું (False)
59. ખોટું (False)
60. ખરું (True)
61. ખરું (True)
62. ખરું (True)
63. ખરું (True)
64. ખોટું (False)
65. ખોટું (False)
66. ખરું (True)
67. ખોટું (False)
68. ખોટું (False)
69. ખોટું (False)
70. ખરું (True)
71. ખરું (True)

BHAVDIP VADHER (E-LEARNING)

72. ખરું (True)

73. ખોટું (False)

74. ખરું (True)

75. ખોટું (False)

76. ખોટું (False)

77. ખરું (True)

78. ખોટું (False)

79. ખોટું (False)

80. ખરું (True)

81. ખરું (True)

**➽ જોડકા જોડો** **(Marks - 8)**

82. (1 – 3), (2 - 2), (3- 1).

83. (1-4), (2 - 5), (3 - 1), (4 -2).

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 1)**

84. ખેતી કે ખેતમજૂરી કરતા લોકો મુખ્યત્વે ગામડાંમાં જોવા મળે છે.

85. શહેરમાં રોડ ઉપર લારી કે દુકાન પર શાકભાજી વેચનાર, સાઇકલનાં પંકચર અને તેની મરમ્મત કરનાર, બૂટપૉલિશ કરનાર, સોડા-શરબત વેચનાર, કરિયાણું વેચનાર, હેરકટિંગ કરનાર, ગાડીઓના કાચ સાફ કરનાર, સાઇકલ પર સફાઈનાં સાધનો વેચનાર, પીવાનું પાણી વેચનાર વગેરે રોજગાર કરતી વ્યક્તિઓ જોવા મળે છે.

86. શિક્ષિત અને વિવિધ પ્રકારનું કૌશલ્ય ધરાવતી વ્યક્તિને રોજગારી મેળવવામાં સરળતા રહે છે.

87. ગ્રામીણ જીવનની સૌથી મહત્ત્વની બાબત એ છે કે,ગામડાના લોકો ઓછામાં ઓછી સુવિધાઓથી જીવે છે.

88. 'ગામડાંનું જીવન' એટલે પર્યાવરણ સાથે જીવનનિર્વાહની વ્યવસ્થા.

89. આપણા દેશમાં લગભગ 5000 કરતાં વધારે શહેરો અને 27,000 જેટલાં નાનાં-મોટાં નગરો છે.

90. આપણા દેશના બંધારણે નાગરિકોને દેશના જમ્મુ અને કશ્મીર રાજ્ય સિવાય કોઈ પણ રાજ્યમાં શાંતિથી રહેવાનો અને વ્યવસાય કરવાનો અધિકાર આપ્યો છે.

91. પરિવારના સભ્યો નોકરી, ધંધો કે મજૂરીકામ કરીને ઘરમાં પૈસા લાવે છે. તેમાંથી પરિવાર જીવનનિર્વાહ કરે છે.

92. રાણપુર ગામ બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરથી થોડેક દૂર આવેલું છે.

93. રાણપુર ગામનાં મોટા ભાગના લોકો ખેતી, ખેતમજૂરી, પશુપાલન વગેરે વ્યવસાય કરે છે.

94. માલપુર ગામનાં મધુબા ગામના મોટા ખેડૂત મોંઘજીભાઈના ખેતરમાં તેમના પતિની સાથે મજૂરીનું કામ કરે છે.

95. મધુબાને એક વખત કેટલાય દિવસો સુધી કામ ન મળ્યું ત્યારે તેમણે બીમાર દીકરીની સારવાર માટે લવજીભાઈ પાસેથી પૈસા ઉછીના લીધા.

96. મધુબાએ ઉછીના લીધેલા પૈસા લવજીભાઈને પાછા આપવા માટે પગમાં પહેરવાનાં પોતાનાં ઝાંઝર વેચી દીધાં.

97. માલપુર ગામના ઓછી જમીન ધરાવતા ખેડૂતો માત્ર વરસાદ આધારિત ખેતી કરે છે. વરસાદ ન હોય ત્યારે તેઓ ગામ છોડી મજૂરી કરવા બીજે જતા રહે છે.

98. પાંડરવાડા ગામના સલમાન પાસે દસ એકર જમીન છે. તે જાતે ખેતી કરે છે. જ્યાં જરૂર જણાય ત્યાં તે મજૂરીના પૈસા આપી બીજાની મદદથી ખેતી કરે છે.

99. સલમાન ખેતીની આવકમાંથી સાત-આઠ મહિના સુધી જીવનનિર્વાહ ચલાવે છે. બાકીના ચારેક મહિના પશુપાલન કરીને મેળવેલી આવકમાંથી જીવનનિર્વાહ કરે છે.

100. રામનગર ગામના જગાભાઈ વેપારી છે. ગામલોકોને જગાભાઈની દુકાનમાંથી કોઈ વસ્તુ જોઈતી હોય તો તેઓ ચોખા લઈને જાય અને જગાભાઈ એ ચોખાને બદલે તેમને જોઈતી વસ્તુ આપે. ગામલોકો પાસેથી ખરીદેલા ચોખા ભેગા કરીને જગાભાઈ શહેરની મોટી દુકાનમાં આપી આવે છે. આ રીતે જગાભાઈ પોતાનો વ્યવસાય કરે છે.

BHAVDIP VADHER (E-LEARNING)

101. રૂડીબહેન અને લખીમાં દરિયાકિનારે આવેલા સંચારડા ગામમાં રહે છે. તેઓ બંને માછલાં પકડવાનું કામ કરે છે. વર્ષમાં આઠ મહિના સુધી તેઓ માછલાં પકડીને જીવનનિર્વાહ કરે છે.

102. શહેરમાં લોકો વિવિધ પ્રકારના વ્યવસાય કરીને, દુકાનો કે ઑફિસોમાં નોકરીઓ કરીને, રોડ પર બેસીને કે હરતાં-ફરતાં, શિક્ષણ આપવાનું કામ કરીને, નાની-મોટી મજૂરી કરીને અને કૌશલ્યના આધારે કામ કરીને જીવનનિર્વાહ કરે છે.

103. મૂળ માવસરી ગામના વતની કરશનભાઈ સુથારીકામ કરતા હતા. છેલ્લાં પાંચ વર્ષથી તે થરાદમાં રહીને રિક્ષા ચલાવવાનું કામ કરે છે. આમ, કરશનભાઈ રિક્ષા ચલાવીને જીવનનિર્વાહ કરે છે.

104. નિલમના મામા શર્ટ અને પૅન્ટ બનાવવાની ફેક્ટરીમાં મૅનેજરની નોકરી કરીને જીવનનિર્વાહ કરે છે.

105. જયસિંહ રાજસ્થાન રાજ્યમાંથી નવસારી આવ્યા છે.નવસારીમાં તે ચૉકલેટ બનાવવાનો વ્યવસાય કરે છે.

106. જયસિંહના ચૉકલેટના વ્યવસાયને કારણે 100 કરતાં વધારે લોકોને સીધી કે આડકતરી રીતે રોજગારી મળે છે.

107. મધુબાને એમના પતિ ઘરની સાફસફાઈ કરવામાં,જંગલમાંથી બળતણ માટે લાકડાં લાવવામાં તેમજ બોરવેલથી પાણી ભરી લાવવામાં મદદ કરતા હશે.

108. સલમાનને જીવનનિર્વાહ માટે પૂરતી આવક ન થાય ત્યારે તેને મજૂરી કરવી પડતી હશે.

109. પોતાના ખેતરમાંથી પાક ઊતરે ત્યારે તેના વેચાણના સમયે સલમાનની આવક સૌથી વધારે હશે.

110. સલમાન પાસે ગાય કે ભેંસ ન હોય તો વર્ષના ચારેક મહિના સુધી જીવનનિર્વાહ માટે નાણાંની તંગી પડે. આ સમય દરમિયાન સલમાનને પાસેના શહેરમાં મજૂરી કરવા ફરજિયાત જવું પડે.

111. ઔદ્યોગિક વસાહતની કોઈ ફેક્ટરીમાં સલમાનને માલની હેરફેર કરવાનું, માલને ઉપાડવાનું, માલને ખટારામાં ચઢાવવાનું અને ખટારામાંથી ઉતારવાનું વગેરે મજૂરીનાં કામો કરવાં પડતાં હશે.

112. આપણી આસપાસ લોકો વિવિધ પ્રકારના વ્યવસાયો કરીને, વેપાર કરીને, શાળા-કૉલેજોમાં અને ઑફિસોમાં નોકરી કરીને, મજૂરીકામ કરીને તેમજ કૌશલ્ય આધારિત કામ કરીને કમાય છે.

113. માછીમારને રોજ દસથી બાર કલાક કામ કરવું પડતું હશે.

114. પ્લાસ્ટિક દરિયામાં જાય છે ત્યારે દરિયામાં પ્રદૂષણ પેદા થાય છે. આથી, હું પ્રતિજ્ઞા કરું છું કે હું પ્લાસ્ટિકનો ઉપયોગ કરીશ નહિ. વધુમાં, શાળાએ જતાં-આવતાં કે મારી શેરીમાં પ્લાસ્ટિક જોવા મળશે તો તેને એકઠું કરીને કચરાપેટીમાં નાખીશ. મારા મિત્રો, પાડોશીઓ, સગાંસંબંધીઓ વગેરેને પ્લાસ્ટિકની થેલીઓ ન વાપરવા સમજાવીશ.

115. માછલીની જેમ શાકભાજી, ફળો, ફૂલો, રમકડાં, શીંગ-ચણા, મમરા, પાપડ, ખાખરા, ફરસાણ વગેરે વેચીને નાણાં કમાઈ શકાય.

116. ત્સુનામી જેવી કુદરતી આફત વખતે માછલી પકડવા દરિયામાં જઈ શકાતું નથી. કારણ કે, ત્સુનામી ખૂબ ભયંકર કુદરતી આફત છે. આ આફતમાં સપડાઈ જવાથી જાનહાનિ અને માલહાનિ ભોગવવી પડે છે. માછીમારોને આર્થિક નુકસાન થવાથી તેઓ લાંબા સમય સુધી માછલાં પકડવા જઈ શક્તા નથી.

117. કરશનભાઈ તેમના ગામમાં સુથારીકામ કરીને પૂરતો જીવનનિર્વાહ કરી શકતા નહિ હોય. તેથી કરશનભાઈ શહેરમાં આવ્યા હશે.

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 20)**

118. જો મધુબા અને તેમના પતિ પાસે પોતાની જમીન હોત તો તેમને મોંઘજીભાઈના ખેતરમાં મજૂરી કરવા જવું ન પડત. તેઓ પોતાના ખેતરમાં કામ કરત. તેઓ જાતે જ તેમના ખેતરમાં વાવણી, નિંદામણ અને પાકની કાપણીનું કામ કરત. એટલું જ નહિ, તેઓ તેમની મદદ માટે બીજા મજૂરોને પણ કામ આપી શકત. જેનાથી મધુબા અને તેમના પતિને જીવનનિર્વાહની કોઈ મુશ્કેલી અનુભવવી ન પડત.

119. મધુબા એમના ઘરમાં રોજ આ કામ કરતાં હશે : (1) તે તેમના કુટુંબ માટે ભોજન બનાવતાં હશે. ( 2 ) તે ઘરની સાફસફાઈ કરતાં હશે. (3) તે કપડાં ધોતાં હશે. (4) તે બળતણનાં લાકડાં લેવા જંગલમાં જતાં હશે. (5) તે ગામના બોરવેલથી પાણી લાવતાં હશે.

120. (1) શહેરમાં મોટી સંખ્યામાં લોકો રસ્તાઓ પર કામ કરીને તેમજ ફેરિયાઓ તરીકે કામ કરીને જીવનનિર્વાહ કરે છે. (2) શહેરના બજારમાં દુકાનોની અનેક લાઇનો હોય છે. તેમાં દુકાનદારો, સેલ્સમૅનો અને અન્ય કર્મચારીઓ કામ કરીને ગુજરાન ચલાવે છે. (3) શહેરમાં હજારો વ્યક્તિઓ છૂટક મજૂર તરીકે કામ કરીને ગુજરાન ચલાવે છે. (4) શહેરમાં ઘણા લોકો શિક્ષિત લોકો શાળા-કોલેજોમાં શિક્ષણ આપવાનો વ્યવસાય કરે છે. તેમજ નાની-મોટી ઑફિસોમાં વિવિધ પ્રકારના વ્યવસાયો કરીને જીવનનિર્વાહ કરે છે.

BHAVDIP VADHER (E-LEARNING)

121. (1) માલપુર ગામના મોંઘજીભાઈ જેવા મોટા ખેડૂત ને પોતાનાં ખેતરોમાં જાતે કામ કરતા નથી. પરંતુ તે ખેતમજૂરી કરતાં મધુબા અને તેમના પતિ જેવા મજૂરો પાસે કામ કરાવે છે. (2) પાંડરવાડા ગામનો સલમાન નાનો ખેડૂત છે. તે પોતાનાં ખેતરોમાં જાતે કામ કરે છે. જ્યાં જરૂર જણાય ત્યાં તે અન્યની મદદ મેળવી ખેતી કરે છે. (3) મધુબા અને તેમના પતિ જેવા જમીનવિહોણા ખેતમજૂરો મોટા ખેડૂતોનાં ખેતરોમાં વાવણી, નિંદામણ, કાપણી જેવાં કામો કરે છે.ઉપર દર્શાવેલ લોકોમાં સૌથી ગરીબ મધુબા અને તેમના પતિ જેવા જમીનવિહોણા ખેતમજૂરો છે, કારણ કે, તેઓને વર્ષના અમુક મહિનાઓ દરમિયાન જ કામ મળે છે. બાકીના સમયમાં તેઓને કામ વિના બેસી રહેવું પડે છે. આ કારણથી તેમને તેમનું ગુજરાન ચલાવવામાં મુશ્કેલી પડે છે.

BHAVDIP VADHER (E-LEARNING)